# વિષ્ણુસહસ્રનામ: વિશેષણરહિત શૂન્ય નામ



વિષ્ણુસહસ્ર નામનાં એક હજાર નામોનું વાચન, પૂજન, ધ્યાન, સ્તવન લાભદાયી હશે અને છે, પણ એ જ અધ્યાયમાં પાછળ એક શ્લોક આવે છે જે કર્મને, આચારને પ્રાધાન્ય આપે છે

ધર્મપુત્ર યુધિષ્ઠિરે શાન્તનુ પુત્ર ભીષ્મને પૂછયું: સમસ્ત જગતમાં એક જ દેવ કોણ છે? (કિમેક દૈવતં લોકે) અને ભીષ્મે સૂચન કર્યું કે સહસ્ત્ર નામોનું સંકીર્તન કરવુ જોઇએ. (વસ્તુવન્ નામ સહસ્ત્રેણ). ભીષ્મે કહ્યું: ભગવાન વિષ્ણુનાં એક હજાર નામો મારા દ્વારા સાંભળો, જે પાપ અને ભયને દૂર કરનારાં છે! (વિષ્ણોર્નામસહસ્ત્રં મે શ્રુણુ પાપ ભયાપહમ્). વિશ્ણુસહસ્ત્રનામ એ મહાભારતના અનુશાસન પર્વનો એક ખંડ છે. આમાં ૧૦૦૦ નામો છે, વિશેષણો છે અને આ શબ્દો સાચા અર્થમાં અદભુત છે, પ્રથમ નામ છે વિશ્ર્વમ્, એટલે કે વિરાટસ્વરૂપ અને અંતિમ ૧૦૦૦મું નામ છે. સર્વપ્રહરણાયુધ, એટલે કે જ્ઞાત અને અજ્ઞાત બધાં જ અસ્ત્ર અને શસ્ત્રને ધારણ કરવાવાળા.

આ ૧૦૦૦ નામો કે વિશેષણો વિષ્ણુનો પરિચય છે, જે ભીષ્મે યુધિષ્ઠિરને આપ્યો છે અને ઘણા શબ્દો અને શબ્દાર્થો ધાર્મિકો અને આસ્તિકોને જાગ્રત કરી દે એવાં વેધક છે. વિષ્ણુ કોણ છે, શું છે? વિષ્ણુ વિષ્ટા એટલે કે સંહાર સમયે બધા જ પ્રાણીઓને ક્ષીણ કરી નાખવાવાળા છે. (વિરોધી શબ્દ:

http://suratiundhiyu.wordpress.com/

સૃષ્ટા). એ ભૂગર્ભ એટલે કે પૃથ્વીને ગર્ભમાં રાખવાવાળા છે. એ સર્વ શર્વશિવ છે. સર્વ એટલે સર્વરૂપ, શર્વ એટલે પૂરી પ્રજાનો પ્રલયકાળમાં સંહાર કરવાવાળા, અને શિવ એટલે ત્રણ ગુણોથી ઉપર, એ પ્રભુ છે. (બધાના સ્વામી) અને એ ઇશ્વર છે. (ઉપાધિ વિનાના ઐશ્વર્યવાળા) અને એ ભગવાન છે. ભગવાનના ઘણા અર્થો થાય છે. ગોરખપુરના ગીતાપ્રેસ દ્વારા પ્રકટ મહાભારતમાં ભગવાનનો અર્થ અપાયો છે. ઉત્પત્તિ અને પ્રલય ગમન અને આગમન, વિદ્યા અને અવિદ્યાને જાણકાર અને ૬ ભાગોથી સંબંધિત (આ ૬ ભાગો કયા?) વિષ્ણુને એક શ્લોકમાં કામદેવ, કામપાલ અને કામી પણ કહ્યા છે. કામપાલ એટલે સકામી ભક્તોની કામનાઓની પૂર્તિ કરનારા. કામી એટલે પોતાના પ્રિયતમોને ચાહવાવાળા. વિષ્ણુ પરમેશ્વર છે. એટલે કે સર્વશ્રેષ્ઠ શાસન કરવાવાળા છે. એક શ્લોકમાં વિષ્ણુ માટે કામ: શબ્દ વપરાયો છે. કામની વ્યુત્પત્તિ આપવામાં આવી છે: ક એટલે મહાદેવ અર્થાત્ ત્રિદેવરૂપ. વિષ્ણુ મહાભોગ અને મહાધન પણ છે. મહાભોગ એટલે મહાન ધનવાળા અને વિષ્ણુ અસંખ્યેય છે, જેમના નામ કે ગુણોમાં સરવાળો કરવો શક્ય નથી.

કદાચ વિષ્ણુને માટે વપરાયેલું શ્રેષ્ઠ નામ છે શૂન્ય અને શૂન્ય એટલે બધાં જ વિશેષણોથી રહિત! વિષ્ણુ સુંદર પણ છે અને સુન્દ પણ છે. સુન્દ એટલે કરુણાશીલ. એ ઉદ્ભવ છે, એટલે કે સ્વેચ્છાથી શ્રેષ્ઠ જન્મ ધારણ કરી શકે છે અને એ વાચસ્પતિરયોનિજ છે. અર્થ: વિદ્યાના સ્વામી અને યોનિ વિના સ્વયં પ્રકટ થઇ જનારા. વિષ્ણુ અવિધેયાત્મા છે, જેમાં મૂળ સ્વરૂપનું કોઇ રીતે વર્ણન કરી શકાતું નથી. એ સ્તુતિ પણ છે અને સ્તોતા (સ્તુતિ કરવાવાળા) પણ છે. અજ: છે, એટલે અકારથી ઉત્પન્ન થયેલા અને અકાર ભગવાન વિષ્ણુનો વાચક છે. વિષ્ણુ જન્મમૃત્યુજરાતિગ છે એટલે જન્મ, મૃત્યુ અને વૃદ્ધાવસ્થા જેવા શરીરના ધર્મોથી દૂર. વિષ્ણુ ભૂર્ભુવ: અર્થાત્ પૃથ્વીનો પણ આધાર છે અને એ ભૂતભવ્ય અથવા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સ્વામી છે. જન્મરહિત વિષ્ણુ વૈદ્ય છે. વૈદ્યનો અર્થ: બધી જ વિદ્યાઓના જ્ઞાતા! અને વિષ્ણુ અમૃત્યુ (મૃત્યુથી રહિત) તો છે જ! વિષ્ણુસહસ્રનામના શ્રવણ, પઠન અને કીર્તનથી ઘણા લાભો થાય છે. એમાં એક લાભ એવો છે કે ધર્મની ઈચ્છાવાળો ધર્મ પ્રાપ્ત કરે છે, ધનની ઈચ્છાવાળો ધન પ્રાપ્ત કરે છે, ભોગ (કામ)ની ઇચ્છાવાળો ભોગ પ્રાપ્ત કરે છે અને સંતાનની ઈચ્છાવાળો સંતાન પ્રાપ્ત કરે છે. (ધર્માર્થી પ્રાપ્નુયાદ્ ધર્મમર્થાર્થી ચાર્થમાપ્નુયાત્- કામાનવાપ્નુયાત કામી પ્રજાર્થી પ્રાપ્નુથાત પ્રજામ્.)

અન્ય ધર્મોમાં સર્વોચ્ચ શક્તિ માટે એક જ નામ હોવાની પ્રથા છે. હિન્દુ ધર્મ ૧૦૦૦ નામોનો વૈભવ પ્રસ્તુત કરે છે. આ એક સ્તોત છે અને એ ગાવાનું છે. આ સ્તોત વિશે ઘણા મનીષીઓએ લખ્યું છે અને આદિ શંકરાચાર્ય જે ભાષ્ય લખ્યું છે એ વધારે પ્રસિદ્ધ છે. વિષ્ણુને જોવાની, માપવાની,

http://suratiundhiyu.wordpress.com/

પામવાની, સમજવાની આ ભિન્ન દૃષ્ટિઓ છે. કેટલાક શબ્દો નામો કરતાં વિશેષણ ગુણ વધારે છે અને આ શબ્દો, જેનો આ ૧૦૦૦ વિભિન્ન શબ્દોમાં સમાવેશ થઇ જાય છે, સવિશેષ મહત્ત્વ રાખે છે.

વિષ્ણુ શું છે? થોડા શબ્દો, એના ભાવાર્થો સાથે: અપ્રમેયાત્મા એટલે કોઇથી માપી ન શકાય એવા. સિદ્ધિદ: કર્મ કરવાવાળાઓને એમના અધિકાર પ્રમાણે ફળ આપનારા. શાસ્તા: બધા ઉપર શાસન કરનારા. અમેયાત્મા: જેનું અનુમાન ન કરી શકાય એવા આત્માવાળા દુર્મર્ષણ: કોઇથી સહન ન કરી શકાય એવા. સર્વદ્રક: બધું જોઇ શકાનારા. દુરાધયર્ષ: કોઇથી તિરસ્કાર ન થઇ શકે એવા. શંભુ: ભક્તોને માટે સુખ ઉત્પન્ન કરવાવાળા. અવ્યય: કયારેય પણ વિનાશ ન થનારા. અનિરુદ્ધ: કોઇથી પણ ન રોકી શકાનારા. અચ્યુત: પોતાની સ્થિતિમાંથી ત્રિકાળમાં પણ અસ્થિર ન થનારા. સિદ્ધાર્થ. ઇચ્છીત અર્થને હંમેશાં સિદ્ધ કરી લેનારા. અશોક: શોકથી રહિત. ભીમ: જેનાથી પાપીઓને ભય થાય એવા ભયાનક. સહિષ્ણુ: બધા જ દ્વન્દ્વોને સહન કરવામાં સમર્થ. અનામય: અંદરની અને બહારની બધા જ પ્રકારની વ્યાધિઓથી મુકત. અનીશ: જેનો બીજો કોઇ શાસક નથી એવો એટલે કે સ્વાધીન. કૃતકર્મા: જે બધા જ કામ કરી ચૂકયા છે અને હવે જેમનું કોઇ કામ રહી ગયું નથી. દુર્જય: જે કોઈથી જીતાતો નથી. અરૌદ્ર: બધા જ પ્રકારના રૌદ્ર કે ક્રૂર ભાવોથી રહિત એટલે કે શાંત. પ્રિયાર્ક: અત્યંત પ્રિય વસ્તુ સમર્પણ કરવા માટે યોગેય પાત્રતા ધરાવતા. અનિયમ: જે કોઇ નિયમથી બંધાયેલા નથી. અયમ: જેનો કોઇ શાસક નથી. મહાક્રમ: બહુ જ તેજ ગતિથી ચાલનારા. અધોક્ષજ: પોતાના શરીરથી ક્ષીણ ન થવાવાળા.

કદાચ વિષ્ણુના બધાં જ નામોમાં બે નામો જુદાં પડી જાય છે. એક છે અમાની, એટલે કે સ્વયં માન ન ચાહનારા. બીજું નામ છે માનદ, એટલે કે બીજાને માન આપવાવાળા! અને સર્વશ્રેષ્ઠ શબ્દ છે શૂન્ય! શૂન્યનો અર્થ અહીં આપવામાં આવ્યો છે: સમસ્ત વિશેષણોથી રહિત...

વિષ્ણુ સહસ્ત્રનામ કવિતાની કક્ષાએ પહોંચે છે, કેટલાંક નામો સાહિત્યસ્વરૂપ છે. પર્જન્ય એટલે? વાદળની જેમ બધી જ ઈષ્ટ વસ્તુઓ પર વરસાદ વરસાવે એ પર્જન્ય કહેવાય. કુમુદ એ વિષ્ણુનું એક નામ છે. કુ એટલે પૃથ્વી અને કુમુદ એટલે પૃથ્વીને એનો ભાર ઊતરાવીને પ્રસન્ન કરવાવાળા! આશ્રમ એટલે? બધાને વિશ્રામ આપવાવાળા. રત્નગર્ભ એટલે રત્નોને પોતાના ગર્ભમાં ધારણ કરવાવાળા, રત્નાકાર કે સમુદ્ર જેવા. વિષ્ણુ માટે ૧૩૨મું નામ જે વપરાયું છે એ છે: કવિ! (પ્રત્યેક કવિને ગર્વ થશે. વિષ્ણુસહસ્ત્ર નામના એક હજાર નામોનું વાચન, પૂજન, ધ્યાન, સ્તવન લાભદાયી હશે અને છે, પણ એ જ અધ્યાયમાં પાછળ એક શ્લોક આવે છે જે કર્મને, આચારને પ્રાધાન્ય આપે

http://suratiundhiyu.wordpress.com/

છે. એ કર્મપ્રધાન શ્લોક છે: બધા જ શાસ્ત્રોમાં આચારને પ્રથમ માનવામાં આવ્યો છે, આચારથી જ ધર્મની ઉત્પત્તિ થાય છે અને ધર્મના સ્વામી ભગવાન અચ્યુત છે. સર્વાંગમાનામાચાર: પ્રથમં પરિકલ્પતે- આચારપ્રજાનો ધર્મો ધર્મસ્ય પ્રભુરચ્યુત:)

http://suratiundhiyu.wordpress.com/